
GSECL

GMDC
FUELING THE GROWTH

ઓક્ટોબર- ૨૦૨૧
અંક - ૪૦

# અરુણોદય



## આઝાદીનો અમૃત મહોત્સવ

**સંપાદકીય બોર્ડ**
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા


- રાષ્ટ્રની આઝાદી માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા ગુજરાતના શહીદો
- તાના - રીરી
- પોતાની જાતનું પોસ્ટ મોર્ટમ
- સંવેદના
- ગુરુની વિભાવના
- શ્રાદ્ધની સમજ
- ભાગ્ય બડા કે પુરૂષાર્થ ?
- પૂજ્ય બાપુના મતે ધર્મ....
- આભાર પત્ર
- શાળાની પ્રવૃત્તિઓ


ડિઝાઈન:- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

# તંત્રી સ્થાનેથી


સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન "અરૂણોદય" ઓકટોબર- ૨૦૨૧ , અંક-૪૦ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી



# રાષ્ટ્રની આઝાદી માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા ગુજરાતના શહીદો



એમ.કે. દવે
માધ્યમિક શિક્ષક

આઝાદીની લડતમાં ફાંસીએ ચઢનારા સૌથી વધુ બંગાળ-પંજાબ અને મહારાષ્ટ્રના યુવાનો રહ્યા છે. દિલ્હી-હરિયાણા અને ઉત્તર પ્રદેશના પણ થોડાક શહીદ રહ્યા છે. આપણને પ્રશ્ન થાય કે ગુજરાતના કેટલા જાન કુરબાન કરનારા શહીદો થયા છે તેનો જવાબ આપવો કઠિન છે. ગુજરાત મુખ્યત્વે ગાંધીજીના માર્ગે ચાલ્યું હતું. ગાંધીમાર્ગે કોઈને ફાંસી થઈ હોય તેવું જાણ્યું નથી, કારણ કે ગાંધીવાદીઓ, હત્યા-ખૂન-લૂંટ-ધાડ જેવી પ્રવૃત્તિ કરતા નહિ. તેથી કાયદાને માનનારા અંગ્રેજો બહુ બહુ તો તેમને જેલમાં પૂરી દેતા, કાયદેસર કેસ ચાલતો અને સજા થતી. કેટલીક વાર તો સજા માફ પણ થતી. ખરાં બલિદાનો તો ક્રાન્તિકારી યોદ્ધાઓએ આપ્યાં હતાં, કારણ કે તે અહિંસાવાદી નહોતા. તેમ છતાં પણ જે લોકો અંગ્રેજી સત્તાનો વિરોધ કરવા સભા-સરઘસ કાઢતા અને પોલીસની ગોળીએ વીંધાઈ જતા તેમાંથી થોડાક નમૂના સંક્ષિપ્તમાં અહીં આપ્યા છે. આ બધા ગુજરાતી શહીદો છે. વંદનીય છે. તેમણે રાષ્ટ્રની આઝાદી માટે પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા. આવો તેમને યાદ કરીએઃ

### (1) શંકરભાઈ ધોબી

ગુજરાતના ખેડા નગરના ડાહ્યાભાઈ ધોબીનો પુત્ર હતો. 14 વર્ષની ઉંમરમાં હાઈ સ્કૂલમાં ભણતાં ભણતાં તે 1942ના આઝાદીના આંદોલનમાં કૂદી પડ્યો હતો. અંગ્રેજ સરકારવિરોધી સરઘસમાં રાષ્ટ્રીય ઝંડો તેણે લીધો હતો. તે સૌની આગળ આગળ વંદે માતરમનો નારો લગાવતો ચાલતો હતો. પોલીસે ગોળીબાર કર્યો અને શંકર ઢળી પડ્યો. તેણે માતૃભૂમિ ઉપર પ્રાણ ન્યોછાવર કરી દીધા. ખબર નહિ, ખેડાવાળા ભાઈઓને શંકર યાદ છે કે નહિ ?

### (2) રસિકલાલ જાની

અમદાવાદમાં 1926માં જન્મેલો રસિકલાલ જાની હાઈ સ્કૂલનું અધ્યયન પૂરું કરીને કોલેજમાં દાખલ થયો. તે બહુ પ્રતિભાશાળી વિદ્યાર્થી હતો. આ તરવરિયો યુવાન સૌને ગમતો હતો. 1942માં જ્યારે રાષ્ટ્રીય આંદોલન છેડાઈ ગયું ત્યારે તેણે પોતાના વિદ્યાર્થીઓનું એક મોટું સરઘસ અંગ્રેજી સરકારના વિરોધમાં કાઢ્યું. સરઘસ વધતું જ ગયું. વંદે માતરમના નારા ગુંજવતું જતું હતું ત્યાં પોલીસ સાથે રકઝક થઈ ગઈ. પોલીસે ગોળી ચલાવી દીધી અને સૌથી પહેલાં રસિકલાલ જાની શહીદ થઈ ગયો. તેના પિતાનું નામ ઠાકોરલાલ હતું.

### (3) ભવાનભાઈ પટેલ

ભવાનભાઈ ઉર્ફે છોટાભાઈના પિતાનું નામ હાથીભાઈ હતું. તેઓ નડિયાદના વતની હતા. 15મી ઓગસ્ટ, 1942ના રોજ અંગ્રેજી સત્તાવિરોધી જે આંદોલન ચાલ્યું તેમાં ભવાનભાઈએ ભાગ લીધો. સરઘસ ધસમસતું નારા લગાવતું જઈ રહ્યું હતું. પોલીસે તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો, પણ ન અટક્યું. અંતે ગોળીબાર થયો. પોલીસની ગોળીથી ભવાનભાઈ શહીદ થઈ ગયા.

### (4) બચુભાઈ નાયક

બચુભાઈ નાયક અનાવિલ બ્રાહ્મણ હતા. ભારત છોડો આંદોલનમાં તેમણે પૂરેપૂરો ભાગ લીધો. તેઓને પકડીને જેલમાં પૂરી દેવાયા. જેલના અત્યાચારોથી અને ગંભીર બીમારીથી તા. 23મી જાન્યુઆરી, 1942ના રોજ જેલમાં જ તેમનું મૃત્યુ થઈ ગયું.

### (5) રમણલાલ મોદી

રમણલાલ મોદીએ સુરતના ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો. તેમણે ઘણી તોડફોડ પણ કરી. તેમને ગિરફતાર કરી લેવામાં આવ્યા. જેલમાં જ તેઓ શહીદ થઈ ગયા.

### (6) ધીરજલાલ મણિશંકર

ધીરજલાલ ખેડાના બ્રાહ્મણ હતા. ભારત છોડો આંદોલનમાં તેમણે ખૂબ સક્રિય ભાગ લીધો હતો. સરઘસમાં જ્યારે તેઓ રાષ્ટ્રીય ધ્વજ લહેરાવવા માટે જઈ રહ્યા હતા ત્યારે પોલીસની ગોળીથી શહીદ થઈ ગયા. ખબર નહિ ખેડાવાળાને ખબર છે કે નહિ?

### (7) નરહરિ રાવલ

નરહરિનો જન્મ 1914માં અમદાવાદમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. 30મી ઓક્ટોબર, 1942ના રોજ ભારત છોડો આંદોલનમાં આ યુવાન કૂદી પડ્યો હતો, પોલીસે તેને ગિરફતાર કરીને જેલમાં બંધ કરી દીધા. અત્યાચારથી જેલમાં જ તેનું મૃત્યુ થઈ ગયું. તેના પાર્થિવ શરીરને લેવા માટે અમદાવાદના લોકો જેલના દરવાજે ઊમટી પડ્યા હતા. હજારોની સંખ્યામાં વંદે માતરમના નારા સાથે તેમની સ્મશાનયાત્રા અમદાવાદની સડકો ઉપર ફરેલી. તેમના પિતાનું નામ માણેકલાલ રાવલ હતું. શહીદને વંદન.

### (8) કુમારી જયવતી સંઘવી

કુમારી જયવતી સંઘવીનો જન્મ 1924માં અમદાવાદમાં વણિક પરિવારમાં થયો હતો. ત્યારે દેશ રાષ્ટ્રની આઝાદીના ગરમાવામાં ગરમ થઈ ગયો હતો. પાંચમી એપ્રિલ, 1943ના રોજ ભારત છોડો આંદોલનમાં જયવતીએ મહત્ત્વનો ભાગ લીધો હતો. સૌથી આગળ ચાલનારી 19 વર્ષની આ યુવતીએ પોલીસનો ગેસનો શેલ પોતાની છાતી ઉપર ઝીલી લીધો અને તે સરઘસમાં જ શહીદ થઈ ગઈ. ધન્ય છે જયવતીને.

### (9) ગુણવંત શાહ

ગુણવંત શાહનો જન્મ અમદાવાદમાં સન 1924માં વણિક પરિવારમાં થયો હતો. બ્રિટિશ શાસનની વિરુદ્ધમાં જે એક ભારે સરઘસ નવમી ડિસેમ્બર, 1942ના રોજ નીકળ્યું હતું તે આખા શહેરમાં ફરીને કલેક્ટરની ઓફિસે જવાનું હતું. રસ્તામાં પોલીસના રોકવા છતાં સરઘસ ન અટક્યું, પોલીસે ગોળી ચલાવી અને ગુણવંત માણેકલાલ શાહ શહીદ થઈ ગયા.

(ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત લેખકના પુસ્તક શહીદોની ક્રાંતિગાથામાંથી સાભાર.)



# તાના - રીરી



**Chanchu Rekhaben J.**
**Secondary teacher Eng.med.**

ભારતના સૌથી લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નું જન્મ સ્થળ વડનગર અત્યંત સુંદર અને કલાત્મક ઐતિહાસિક વારસો ધરાવે છે. સોલંકીયુગમાં બનાવેલ કિર્તિતોરણ તેની શિલ્પકલા માટે દુનિયામાં અનેરી ભાત પાડે છે. વડનગરમાં નાગર બ્રાહમણોના અધિષ્ઠાયક એવા હાટકેશ્વર મહાદેવનું મંદિર આવેલુ છે જે તેની સુંદર કોતરણી માટે વિખ્યાત છે. તે ઉપરાંત જેને શાસ્ત્રીય સંગીતક્ષેત્રે ગુજરાતનું તેમજ ભારતનું ગૌરવ કહી શકાય તેવો તાના – રીરીનો ઈતિહાસ વડનગર સાથે જોડાયેલો છે.

તાના - રીરી નો જન્મ આશરે 16મી સદીની આસપાસ વડનગરમાં થયો હતો. તાના રીરી શાસ્ત્રીય સંગીતની વિખ્યાત ગાયિકાઓ હતી. લોકવાયકા મુજબ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈ તેની દીકરી શર્મિષ્ઠા અને શર્મિષ્ઠાની બે દીકરીઓ તાના – રીરી.

શહેનશાહ અકબરના સમયમાં તાનસેન શાસ્ત્રીય સંગીતના મશહૂર ગાયક હતા. અકબરે એકવાર બાદશાહના દરબારમાં તાનસેનને શાસ્ત્રીય સંગીતનો રાગ ' દીપક ' ગાવા માટે કહ્યું. આ રાગ ગાવાથી ગાયકના શરીરમાં દાહ ઉત્પન્ન થાય છે અને તેનું શમન ' મલ્હાર ' રાગ ગાવાથી જ થઈ શકે તેમ હોવાથી તાનસેને દીપક રાગ ગાવાની આનાકાની કરી પરંતુ અકબરના આગ્રહના કારણે તાનસેને રાગ ' દીપક ' ગાયો. તેના રાગથી દીપક પ્રગટવા લાગ્યા સાથે તેના શરીરમાં પણ દાહ ઉત્પન્ન થયા. ત્યારબાદ પોતાના શરીરને ઠંડક આપવા માટે ' મલ્હાર ' રાગ ગાઈ શકે તેવા ગાયકની શોધમાં તાનસેન નીકળી પડયા. તે સમયે વડનગર શાસ્ત્રીય સંગીત અને અન્ય કળાઓમાં આગવું સ્થાન ધરાવતું હતું. તાનસેનને જાણવા મળ્યુ કે વડનગરમાં તાના અને રીરી બે બહેનો છે જે ' મલ્હાર ' રાગ ગાઈ ને વરસાદ વરસાવી શકે છે. તાનસેન તાના – રીરીની શોધમાં વડનગર આવી પહોંચ્યા. તે પોતાની તરસ છીપાવવા માટે શર્મિષ્ઠા તળાવ પર ગયા અને ત્યાંજ તળાવ પર તાના-રીરી પાણી ભરવા આવી અને તાનસેનને જોઇને બન્ને બહેનો સમજી ગઈકે આ દીપક રાગના દાહથી પીડાય છે. ઘરે પહોંચીને તાના અને રીરીએ તેમના પિતાને તાનસેનની વાત કરી અને તેમના પિતાએ તરત જ તળાવ તરફ જઇ તાનસેનને મળી તેમની આખી વાત સાંભળી. તેમણે તાનસેનને વચન આપ્યુ કે તેની બન્ને દીકરીઓ મલ્હાર રાગ ગાઈને તેમને દાહ માંથી મુક્તિ અપાવશે. વડનગરના પ્રાચીન હાટકેશ્વર મહાદેવના મંદિરમાં તાના – રીરીએ મલ્હાર રાગ રજૂ કર્યો અને જેમ જેમ ' મલ્હાર ' રાગ ગવાતો ગયો તેમ તેમ આકાશમાં વાદળો ઘેરાવા લાગ્યા અને જોતજોતામાં મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો. તાનસેનને ' દીપક ' રાગના દાહ માંથી મુક્તિ મળી. તાનસેન હેમખેમ બાદશાહના દરબારમાં પાછા ફર્યા. અકબરે તેના સૈનિકોને હુકમ કર્યો કે બન્ને બહેનોને પોતાના દરબારમાં રજૂ કરે કારણકે અકબરને થયું કે આવા રત્નોતો પોતાના દરબારમાં જ શોભે . સૈનિકો વડનગર પહોંચ્યા આ વાતની જાણ થતા તાના રીરી ગુપ્ત રસ્તે થઈ નીકળી ગઈ અને બન્નેએ એક કુવામાં પડી આત્મહત્યા કરી લીધી . આ વાતની જાણ થતા તાનસેનને ખૂબજ દુ:ખ થયું.

આજે પણ વડનગરમાં તાના અને રીરી ની બે સમાધિઓ બનાવવામાં આવી છે. તાના - રીરીની યાદમાં ગુજરાત સરકાર દ્વારા વડનગર ખાતે તાના-રીરી સંગીત મહોત્સવ યોજવામાં આવે છે. સંગીત નાટક અકાદમી દ્વારા આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. સંગીતક્ષેત્રે શ્રેષ્ઠ પ્રતિભાઓને ભારત સરકાર દ્વારા 'તાનારીરી સંગીત સન્માન એવોર્ડ' આપવમાં આવે છે.



# પોતાની જાતનું પોસ્ટ મોર્ટમ



વી.જી. રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

સૃષ્ટિનું સર્જન કરનાર બ્રહ્માજીએ એકવાર મનુષ્યને પોતાની પાસે બોલાવી ને પૂછ્યું , " મેં તમને આ ધરતી પર મોકલ્યા છે હવે મારે એ જાણવું છે કે તમારી ઈચ્છા શું છે ? તમે શું ચાહો છો ? " મનુષ્ય એ કહ્યું , " મારે જીવનમાં ખૂબ પ્રગતિ કરવી છે , સુખ - શાંતિ જોઈએ છે અને બધા જ લોકો મારી પ્રશંસા કરે અને મારો આદર કરે એવું ઈચ્છું છું "

બ્રહ્માજીએ મનુષ્યની સામે બે થેલા મૂક્યાઅને પછી કહ્યું , " તમારે તમારી સાથે આ બે થેલા લઈ જવાના છે . એક થેલામાં તમારા પરિચિતોની ખરાબ બાબતો અને એના દોષો ભરેલા છે એ થેલાને તમારે તમારી પીઠ પર લાદવાનો છે , એ થેલાને ક્યારેય ખોલવાનો નથી ખાસ કરીને બીજા લોકોની હાજરીમાં તો એ થેલાને ખોલવો જ નહીં . તેને હંમેશા બંધ રહેવા દેવાનો છે . એ થેલામાંનું કંઈ તમે પણ ન જોશો અને બીજાને પણ ન બતાવશો."

મનુષ્યએ જિજ્ઞાસાવશ પૂછ્યું , "આ બીજા થેલામાં શું છે ?" બ્રહ્માજીએ કહ્યું , "આ બીજા થેલામાં તમારા પોતાના દોષો અને દુર્ગુણો ભરેલા છે. એ થેલાને તમારે આગળના ભાગે લટકાવવાનો છે. તમારા આ થેલા ને તમારે વારંવાર ખોલીને જોવાનો છે અને બીજાને પણ જોવા દેવાનો છે

મનુષ્ય તો બંને થેલા ઉપાડીને ચાલતો થયો પરંતુ ઉતાવળમાં તેનાથી એક ભૂલ થઈ ગઈ. મનુષ્યએ પરિચિતોના દોષોનો થેલો આગળ લટકાવ્યો અને એને વારંવાર ખોલીને જોવા લાગ્યો તથા બીજાને બતાવવા પણ લાગ્યો . પોતાના દોષોનો થેલો પીઠ પાછળ રાખી દીધો અને આ થેલાનું મોઢું તો બરોબર કસકસાવીને બાંધી દીધું .

થેલા ઉલટસુલટ થવાને કારણે બ્રહ્માજીએ આપેલું વરદાન પણ ઉલટસુલટ થઈ ગયું. મનુષ્યને પ્રગતિ ના બદલે અધોગતિ મળી , સુખ અને શાંતિ ના બદલે દુઃખ અશાંતિ ભેટમાં મળ્યા અને લોકો પાસેથી આદર ના બદલે અનાદર મળ્યો એ લોકો પ્રશંસા કરવાના બદલે ટીકા કરવા લાગ્યા.

જો આપણે મનુષ્યએ કરેલી આ ભૂલને સુધારી લઈશું તો બ્રહ્માજી પાસે મનુષ્યેએ કરેલી માંગણી મુજબ આપણા જીવનમાં પ્રગતિ સુખ-શાંતિ અને આદર સન્માન અચૂક આવશે.

# સંવેદના



"કાશ"
કાશ્મીરા હિમાંશુ ગોર

જેલના સળિયા પાછળ ઊભેલું એક પાત્ર, આંખોમાં અનેક યાદો ઝરઝરીયા બની ને; આંખોમાં જ રોકાઈ ગઈ છે. શરીર સ્થિર પણ મન પવન થી પણ વધારે ગતિ કરી ને ક્યાંય પહોંચી ગયું. બીજી જ પળે બે પગ જેલ ની દિવાલ ફાંદિ ને ચિત્તા ની ગતિ એ અંધારા માં આગળ વધવા માંડ્યા. સાઈરન વાગતા જ અધિકારી સહિત અન્ય કાફલો મુંઝાયા. સાઈરન વગાડતી એક પછી એક જીપો ચારેય દિશા માં દોડતી થઈ.

બે પગ જાણીતા-અજાણ્યા, કે ભોયાંણી જમીન પર મુઠ્ઠીયું વાળી ને આગળ વધતાં જાય છે. આખું શરીર પરસેવે રેબઝેબ ; આંખો ખૂલી છે? બંધ છે? ખબર જ નથી, પણ પગ ને જાણે આંખો હોય તેમ કાચી કેડી પર જાતે આગળ વધતાં ગયાં. અંધારી રાતના એક ગામ માં, એક ફળિયા માં, એક ખડકીમાં, એક ઘરમાં પેસી જાય છે. બીક થી થરથર ધ્રૂજતુ શરીર ,પરસેવો છોડતું હતુ સ્વાસ ધમણ ની જેમ ચાલતો હતો. આંખ ને ચારે બાજુ બધું જ જોઈ લેવું હતું. ઘરમાં એક જ ઓરડો હતો, આકાશ માં પથરાયેલ આઠમ નો ચંદ્ર હતો.આછા અજવાળાં માં, અજાણ્યા ઘરમાં એક ખાટલા પર એક બાઈ નો દેહ પોતાની જ સાડી ની સોળતાણી ને સુતો હતો. બાકી આખો ઓરડો ખાલી હતો, ક્યાં સંતાવુ?

કાંઈ વિચાર આવે એ પહેલાં જ પોલિસ ની સાઈરન નજીક સંભાળાઈ, ખાટલા પર બાકી રહેલી જગ્યા માં ઈ બાઈ નો જ પછેડો ઓઢી ઊંધુ મો કરી ચૂપચાપ સુઈ રેવા સિવાય કોઈ રસ્તો જ નથી. કોઈ મરદ-મુછાળો;કોઈ સ્ત્રીભેળો એક જ ખાટલામાં સુતો હોય ને પોતાનુ જ શરીર પોતાની અંદર જ સંકોચતો હોય!
પણ આશરો લેનાર ઉપર નજર બગડે તો માણસાઈ લાજે. ભરનિંદર માં સુતેલી જગદંબા ને શરીર નો એક રૂવાળો અડે નહિ એનુ ધ્યાન રાખતો. અચાનક પોલિસ ની સાઈરન બંધ થઈ ,ગાડી ખડકી પાસે જ ઊભી, ટોર્ચ ના અજવાળાં..... પગલાં અહીં સુધી જ છે;સાહેબ. આજ ખડકી માં સંતાયો હશે, ખડકી ખોલી ને ઘરમાંથી બહાર કાઢી? ખખડાવો દરવાજા. આ ખડકી તો' રતન' ની' બા' છે; સાહેબ, સતી સ્ત્રી ના ખોરડા અધરાતે ખખડાવતા પેલા સો વાર વિચાર કરી લેજો. ગામ આખું ભેળુ થઈ ને અહી જ આપણાં બધા ની ચિતા સળગાવી દેશે. 'ધણી ' જીવતો છે કે નય એય ખબર નથી, પણ પાંચ ગામોની સ્ત્રીઓ એને સતી ની જેમ પૂજે છે. અચાનક જીપ ના પૈડાં અને પુરપાટ ઝડપે રોડ પર ગતિ કરી ગયા.

સતીવિષે સાંભળી ને ગદ્ ગદ્ હ્રદયે માં જગદંબા ને પગે લાગી ચૂપચાપ અહિં થી નિકળી જાઉ.મારા કારણે કોઈ સતી સ્ત્રી પર ક્યાંક લાછંન લાગી જાય તો જીવતર 'ધૂળ ' થઈ જાય . સતી ના પગની આંગળીઓ બહાર દેખાય છે;પ્રણામ કરવા બે હથેળી એની મેળે જ જોડાઈ જાય છે. શરીર નમ્રતાથી સહેજ નમે એપહેલાં જ જેમ ઈશ્વર મન ના ભાવને જાણી લે એમ સતી સ્ત્રી સફાળે જ બેઠી થઈ ગઈ;

આ શું કરો છો,!.....?.....!!!

રતન ના 'બાપુ '.........

મારા પગ ને આડો તો તમને મારા સમ છે.
બા....ર....વ...ર..હ...પેલા સાંભળેલો સાદ.....!!!!
આ રતન ની 'બા' છે?????...!!!
કાન અને મનની અંદર વમળ સર્જાવા મંડ્યા .
આંખ, કાન, મન ને બુદ્ધિ બધુ જ જાણે ચગડોળે ચડી ગયું.!!!!
ખાટલા માં સફાળે જ બેઠી થયેલી સતી સ્ત્રી એ પોતાનો પછેડો પણ સરખો તાણ્યો નથી, ને એની સામે નજરુ માંડુ તો ય કેમ?
રતન ના 'બાપુ' .......
તમે... રતન ની' બા' .......
રતન ના 'બાપુ' .. તમે ઢોલિયે બેહો, હું તમારા માટે પાણી લઈ આવુ.
રતન ના બાપુ,... એકવાર જેનું પડખું સેવ્યુ હોય ને,એના પરસેવા ની ગંધેય જો ન પારખું તો તો જીવતર એડે ગ્યું કહેવાય.
તમારા પગ ઘર માં પડતા જ તમારી ગંધ હું પારખી ગઈ'તી.
પણ વાહે ને વાહે પોલિસ...
પગ પાસે બેસી, પછેડા ની કોર થી પગ ના કાંટા કાઢી ,પોતાના આંસુ થી પગ પખાળતી, તમે જેલ તોડી ને ભાઈગા છો?
તમારી સલામતી થી વધારે તો મારા માટે કાંઈ નથી, એટલે ચૂપચાપ પડી રહી.
રતન ની બા, આ ઘર...
જેલ ની જેવુ જ છે ;રતન ના બાપુ ....
રતન ની બા, તમે કઈ માટી ના બનેલા છો?
ગુનો તો મેં કર્યો, ને ઉમરકેદ ની સજા !! તમે ભોગવતા 'તા.
જે'દિ ભેળા સ્વાસ લીધા 'તા ને ઈ'દિ હંધુય ભેળુ થઈ ગ્યું,
રતન ના બાપુ આ દિલ આપણાં ભલે અલગ હોય પણ ઊઠનારી વેદના તો એક જ છે ને,....



# ગુરુની વિભાવના



પી.ટી.પટેરીયા
માધ્યમિક શિક્ષક

ભારત કૃષિ પ્રધાન દેશ છે એવું શાળાઓમાં શીખવાય છે પરંતુ ભારતીય સંસ્કૃતિના સંસ્કારો અને વિશ્વના ઈતિહાસનો અભ્યાસ કરીએ ત્યારે ઉપરોક્ત વાક્યમાં આમ થોડો ફેરફાર કરવાનું મન થાય છે ભારત ઋષિપ્રધાન દેશ છે આ ઋષિઓની સંસ્કૃતિ અને ઋષિઓના સંસ્કારોની ભૂમિ છે યુગોથી ભારતનું કુળ ઋષિકુળ રહ્યું છે એટલે પ્રત્યેક વ્યક્તિના ગોત્રમાં ઋષિઓના નામ આદરપૂર્વક લેવામાં આવે છે.

ઋષિસંસ્કૃતિની વિશેષતા એ છે કે અહીં ગુરુદ્વારા શિષ્યને આધ્યાત્મિક અને ભૌતિક જ્ઞાનની ચરમ સીમાએ પહોંચાડવામાં આવે છે ગુરુ ને જ આ સંસ્કૃતિમાં પરમાત્માનું સ્વરૂપ માનીને પૂજવામાં આવે છે એની પાછળ વ્યક્તિપૂજા કે અંધશ્રદ્ધાનો પડછાયો નથી. પરંતુ ગુરુ દ્વારા સર્વોત્તમ પ્રાપ્તિના અનુભવની વાત છે, વ્યક્તિગત રીતે સાધના કરી કરીને માનવી જે ન પામે તે ગુરુકૃપાથી સહજમાં પામી જાય છે .

એટલે જ મુંડક ઉપનિષદ કહે છે."

'तद् विज्ञानार्थ स गुरुम् एव अभिगच्छेत् समित्पाणिः क्षोत्रियं ब्रह्म निष्ठम् ' (१-२-१२) એટલે કે બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર કરવા માટે મુમુક્ષુએ બ્રહ્મસ્વરૂપ અને પરમાત્મામાં નિષ્ઠ એવા ગુરુના આશ્રયે જવું.

શ્રીમદ ભાગવત ઉચ્ચારે છે. ' 'गुरोः अनुग्रहेण पुमान् पूर्णः प्रशान्त्ये ' (१०-८०-४३) અને 'तस्माद् गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ' (११-३-२१) અર્થાત

ગુરુની કૃપાથી જ વ્યક્તિ પૂર્ણ થઈને પરિપૂર્ણ શાંતિ મેળવે છે અને પોતાનું કલ્યાણ પામવા ઈચ્છતાં મુમુક્ષુએ ગુરુના શરણે જવું.

- સાધુ અક્ષરવત્સલદાસ .



# શ્રાદ્ધની સમજ



બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

આ સૃષ્ટી એટલે કે પૂરા બ્રહ્માંડને ૧૨ રાશિથી બાંધ્યું છે. તેમાં મેષ રાશિને સમગ્ર વિશ્વનું પ્રવેશદ્વાર માનવામાં આવે છે અને તેજ પ્રમાણે મીન રાશિ મોક્ષનું દ્વાર માનવામાં આવે છે.

આ મીન રાશિ બ્રહ્મલોક કે દેવલોક સાથે જોડાયેલી છે જ્યારે કન્યા રાશિ પિતૃલોક કે ચંદ્રલોક સાથે જોડાયેલી છે
હવે ખગોળ શાસ્ત્રના આધારે ૧૫ જુલાઈ પછી સૂર્યદેવતાની દક્ષિણયાત્રાની શરૂઆત થાય છે જેને આપણે દક્ષિણાયણના સૂર્ય કહીયે છીએ.
આ દક્ષિણાયનના સૂર્ય ધીમે ધીમે કન્યા રાશિ અને તુલા રાશિ તરફ જાય છે અને ત્યાં પિતૃલોકને જગાડે છે.
આ દક્ષિણાયનના સૂર્યની યાત્રા ૧૫ સપ્ટેમ્બર પછી કન્યા રાશિમાં પ્રવેશે છે ત્યારે પાતાળલોકમાં રહેલા પ્રેતયોનીને જાગ્રત કરે છે.
હવે સમજવાની વાત એ છે કે સંસારમાં મૃત આત્માની ગતિ બે રીતની હોય છે.
જેઓ સંતકક્ષાના અને પુણ્યશાળી જીવો હોય તેઓ મરણ બાદ દેવયાન તરફ ગતિ કરે છે અને અતૃપ્ત આત્મા પ્રેતયાન તરફ ગતિ કરે છે. દેવયાનનો સીધો સંબંધ સૂર્ય સાથે હોય છે અને પ્રેતયાનનો સબંધ ચંદ્ર સાથે હોય છે ચંદ્ર સૂક્ષ્મ જગતને સંભાળે છે અને તેથી ચંદ્રલોકને પિતૃલોક પણ કહેવાય છે.
શાસ્ત્રમાં વર્ણવ્યા મુજબ ચંદ્રની ૧૬ કળા છે આ ૧૬ કળા આપણા હિન્દૂ પંચાગની ૧૬ તીથી સાથે જોડાયેલી છે પુનમથી અમાસ ૧૬ તીથી હોય છે તેમ સુદ અને વદ ની તમામ તીથી રિપીટ થાય છે.
આમ મૃત્યુ પછી આત્મા જે તિથિએ મરણ પામે તે મુજબ ચંદ્રની કળામાં સ્થાન પામે છે. એકમનું મરણ થયું હોય તે પહેલી કળામાં તે મુજબ જે પણ તિથિએ મરણ પામે તે ચંદ્રની કળા માં સ્થાન પામે છે.
જ્યારે સૂર્ય કન્યા રાશિમાં આવે છે ત્યારે ભાદરવા સુદ પૂનમ આવી જાય છે અને તે ચંદ્રલોકમાં પિતૃઓને જગાડે છે.
તે સમયે ચંદ્રની ૧૫મી કળાના દ્વાર ઉઘડી જાય છે અને તેમાં રહેલા પિતૃ પૃથ્વી પરના તેમના સંબંધીને ત્યાં જઈ શકે તેવી વ્યવસ્થા છે. આમ પુનમથી પછી દરેક કળાના દ્વાર ખુલતા જાય છે અને તેમાં વસતા પિતૃઓ પોતપોતાના ઘરે આવવા શક્તિમાન બને છે.
ચંદ્રનું આધિપત્ય દૂધ અને ખીરનું રહેલું હોવાથી શ્રાદ્ધ પક્ષમાં દૂધપાક કે ખીરનું મહત્વ વિશેષ છે.
આમ દરેક પિતૃ તેમના નજીકના સ્વજન પુત્ર કે પૌત્રના ઘરે આવે છે અને શ્રાદ્ધ પામી સંતૃપ્ત થાય છે અને આશીર્વાદ આપતા જાય છે જે પરિવાર કુટુંબની ઉન્નતિ કરે છે. જે પિતૃનું શ્રાદ્ધ કરવામાં નથી આવતું તે અતૃપ્ત અવસ્થામાં પાછા જાય છે અને મનોમન ઉદાસ બની જાય છે તેનું વિપરીત પરિણામ કુટુંબને ભોગવવું પડતું હોય છે.
આ અતૃપ્ત પિતૃ ફરી એકવાર અમાવસયાને દિવસે અચૂક પાછા પોતાના સ્વજનના ઘરે આવે છે જેથી તેને આપણે સર્વપિતૃ અમાવાસ્યા કહીયે છીએ. આ દિવસે ભૂલ્યાચૂક્યાં દરેક પિતૃનું શ્રાદ્ધ મહિમા ઘણો છે અને તે અનાયાસે બાકી રહેલા પિતૃઓને સંતૃપ્ત કરવાનો મોકો મળે છે.
આથી દરેક પરિવારે શ્રાદ્ધ કરવું જ જોઈએ તે દિવસે બ્રાહ્મણ, બહેન દીકરી અને ભાણેજોને જમાડી શક્તિમુજબ દક્ષિણા આપવાથી અને કાગવાસ નાખવાથી પિતૃને પહોંચે છે
આ હકીકત શાસ્ત્ર આધારિત છે અને સૌ જન આમાં શ્રધ્ધા રાખી કરે તે માટે તેને શ્રાદ્ધ નામ આપવામાં આવ્યું છે.
શક્ય છે કે આજ ના દિવસો માં ઉપરોક્ત જ્ઞાન જો હોય તો કદાચ શ્રાદ્ધ ની પ્રવૃત્તિ નું માહાત્મ્ય ખબર પડે.



# ભાગ્ય બડા કે પુરૂષાર્થ ?



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ઘણી વખત આપણને એવું સાંભળવા મળતું હોય છે કે અમે તો જે – તે વસ્તુ પ્રાપ્ત કરવામાં કોઇ મહેનત ન કરી છતાંય અમારા જોરદાર ભાગ્યના લીધે અમને બધુ મળ્યું . પણ આપણને એનું રહસ્ય ખબર પડે કે ન પડે પણ છતાંય તે મેળવવામાં આપણો પુરુષાર્થ ક્યાંક ને કયાંક તો ભાગ ભજવતો જ હોય છે.

કહેવાતો શિક્ષિત વર્ગ પણ ક્યારેક તો સાવ ભાગ્યના ભરોસે પોતાની ગાડી ચલાવ્યે જતો હોય છે. શોર્ટકટ રીતે કરેલું કામ ઝાઝો સમય ન ટકે. આજકાલ દરેકને પોતાનું ભાગ્ય ઝાઝી માથાકૂટ કર્યા વગર ચમકે તેમાં વધારે રસ છે. ભાગ્યની પાછળ પુરુષાર્થ હોય કે નહિ પણ પુરુષાર્થ થી ભાગ્યને જરૂર બદલાવી શકાય . આપણી શાળામાં અભ્યાસ કરી ચૂકેલા વિધાર્થી જાડેજા રવિરાજસિંહ ગજુભા એ કહેલી વાત મને યાદ આવે છે. રવિરાજસિંહને કોઇ જયોતિષ એ કહેલું કે તારા ભાગ્યમાં એટલું બધું શિક્ષણ નથી. તારાં લગ્ન વહેલા થઈ જશે. તાજેતરમાં જ એ વિધાર્થીએ **CA** ની પ્રતિષ્ઠા ભરી ડિગ્રી મેળવીને જ્યોતિષને ખોટા પાડી દીધાં. પુરૂષાર્થ થી ભાગ્યને ઘડયું . **CA** જેવી ડિગ્રી અને તે પણ વધારાના પ્રાઈવેટ કોચિંગ કર્યા વગર સખત પુરૂષાર્થ કરીને તેણે પ્રાપ્ત કરી. કાળા માથાનો માનવી જે ધારે એ કરી શકે. પ્રાર્થનાની એકાદ પંક્તિ યાદ આવી જાય :

" મનુષ્ય તું બડા મહાન હૈ , ભૂલ મત ,
મનુષ્ય તું બડા મહાન હૈ."


આવી ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરવામાં કંઇ કેટલીયે મુશ્કેલીઓ આવે છતાંય જે હિંમત ન હારે તે જ સફળ થાય. કોઈક ક્ષણ તો એવી પણ આવી હશે કે જેમાં તેને લાગ્યું હશે કે ફાઈનલ ડિગ્રી પ્રાપ્ત થશે કે કેમ ? પણ છતાં જેણે ભાગ્ય પર ન છોડી દઈને અવિરત પુરૂષાર્થ ચાલુ રાખ્યો ત્યારે જ આવી જ્વલંત સફળતા મળી.

શ્રી એસ.કે.વી. વિધાલય નું ગૌરવ આવા વિધાર્થીઓ થકી વધતું રહે છે.




હે માનવ ,

" ખુદી કો કર બુલંદ ઈતના કે હર તકદીર સે પહેલે ખુદા બંદે સે પૂછે કે બતા તેરી રજા ક્યા હૈ ? "



# પૂજ્ય બાપુના મતે ધર્મ....



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

આગામી નજીકના દિવસોમાં જ મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ આવી રહી છે. આખું વિશ્વ પૂ. બાપુના લાડકવાયા નામથી તેમને પિછાણે છે. સત્ય , અહિંસા , અસ્તેયના સાચા પૂજારી એવા બાપુની જયંતિ ફક્ત એક જ દિવસ ઊજવવાથી તેમને ન્યાય ન આપી શકાય. નાના બાળકથી માંડી વૃધ્ધો , વડીલો દરેક ગાંધીજીને જાણે છે. કોઇ ને પણ બીજા દેશ ભક્ત વિશે બે – ચાર વાક્યો બોલવા કે લખવા હોય તો ઘણું વિચારવું પડે છે જ્યારે સૌના મુખે પૂ.બાપુનું નામ આવ્યા વગર ન રહે. બેધડક ગાંધીજી વિશે થોડું ગણું તો જરૂર કહી જ શકે.

પૂ. બાપુના મતે ધર્મ ની સમજણ આપતો એક નાનકડો પ્રસંગ યાદ આવે છે.

એકવાર ગાંધીજી , માલવીયાજી અને કેટલાક લોકો ભેગા થયા. વાતવાતમાં ધર્મની ચર્ચા નીકળી . અચાનક ગાંધીજીને માલવીયાજીએ પૂછયું , તમારી દ્દષ્ટીએ સાચો ધર્મ કયો છે બાપૂ ?

પૂ. બાપૂએ કહયું , : “ ધર્મનો અર્થ કર્તવ્યનું પાલન થાય છે.” અલગ અલગ લોકોનો અલગ અલગ ધર્મ છે. રાજાનો ધર્મ નિ:સ્વાર્થ ભાવથી પ્રજાની સેવા તેમજ રક્ષા કરવાનો , બ્રાહમણનો ધર્મ લોકોને સારું શિક્ષણ આપી સંસ્કારી માનવ બનાવવાનો , સૌનિકનો ધર્મ પોતાના રાષ્ટ્રની રક્ષા કરવાનો , ન્યાયધીશનો ધર્મ પ્રામાણિક્તાથી ન્યાય અપાવવાનો છે. તો વળી વેપારીનો ધર્મ શુધ્ધ ગુણવતાવાળી વસ્તુ ગ્રાહકને પૂરી પાડવાનો છે.

ગાંધીજીનું માનવું છે કે ધર્મ એ ફક્ત બાહ્ય દેખાવ કરવામાં નહિ પરંતુ માનવી માટે જે કર્મ નક્કી કરવામાં આવ્યું છે તેને તે ઈમાનદારી , સમર્પણ , સચ્ચાઇ અને નિષ્ઠાથી પુરું કરે તેમાં જ ધર્મ સમાયેલો છે. એટલે જ તે એમનું ખુદનું જીવન આજેપણ સમગ્ર ભારત અને વિશ્વ માટે એક સંદેશ બની શક્યું છે.

“ દે દિ હમેં આઝાદી બિના ખડ્ક બિના ઢાલ , સાબરમતિ કે સંત તૂને કર દિયા કમાલ. ”

લોકલાડિલા બાપૂને શત શત નમન

## MESSAGE

I am pleased to know that our SKV Vidyalya is publishing a monthly E-Magazine named "Arunodoya" since last five years. It is indeed a pleasure to note that in the era of social media our school had created a platform for budding writers. I extend my sincere congratulations to "Arunodoya" editorial board along with its writers & readers. Wish the e-magazine expand its dimension for creative thinking.

Roopwant Singh, IAS
Managing Director

**Gujarat Mineral Development Corporation Ltd.**
(A Government of Gujarat Enterprise)
CIN No.: L14100GJ1963SGC001206

Khanij Bhavan,
132 Feet Ring Road,
Near University Ground, Vastrapur,
Ahmedabad – 380 052

Phone : (079) 27911450
eMail : m_d@gmdcltd.com
Web : www.gmdcltd.com

છેલા પાંચ વર્ષથી શ્રી એસ.કે.વી. વિધાલય - વર્માનગર દવારા અરૂણોદય અંક દર માસે પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ ઈ-મેગેઝીનમાં શાળાના શિક્ષકો અને જી.એમ.ડી.સી. કર્મચારીઓ તેમજ તેમના આશ્રિતો દવારા લેખ લખવામાં આવે છે. હાલમાં આપણા વહીવટી નિયામકશ્રી દવારા અરૂણોદય અંકના સંપાદક મંડળ **(editiorial board)** તેમજ લેખ આપનાર - જેને આપણા વહીવટી નિયામકશ્રીની ભાષામાં કહીએ તો **'budding writers'** ને અભિનંદન પાઠવવામાં આવેલ છે.આ દવારા વહીવટી નિયામકશ્રીએ અરૂણોદય અંક સાથે જોડાયેલા તમામને પ્રોત્સાહીત કર્યા છે.તેમણે દરેકનો ઉત્સાહ બમણો કરી આત્મવિશ્વાસમાં વધારો કર્યો છે.આ માટે અરૂણોદયનું સંપાદકીય મંડળ તેમજ સમગ્ર શિક્ષકસ્ટાફ વહીવટી નિયામકશ્રીના આભારી છીએ.

***Thank you sir***

***We shall forever be grateful to you, For your encouragement, for your inspiration and for your support.***

# શાળાની પ્રવૃત્તિઓ





વર્ષ ૧૯૯૫-૯૬ના
વિદ્યાર્થીઓની
શાળા મુલાકાત





આરોગ્ય શાખા દ્વારા શાળાના વિદ્યાર્થીઓનો કોરોના RTPCR ટેસ્ટ











શાળાની વિધાર્થીની
તીર્થા દવે દોરેલ
ચિત્રો

# શ્રી શ્યામજી કૃષ્ણવર્મા જન્મ જયંતિની ઉજવણી



















